# રાજ્યને મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી જ નહીં પરંતુ "ભદ્રપુરુષ" મુખ્યમંત્રી મળ્યા છે - પૂ. મોરારીબાપુ

### મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં કથાકારશ્રી મોરારીબાપુના હસ્તે અમરેલી નજીક 'મદદ' ઇશ્વરીયા પ્રાથમિક શાળાનું લોકાર્પણ કરાયું

અમરેલી, તા. ૨૬

અમરેલી નજીકના ઈશ્વરીયા ગામે આજ રોજ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ગરિમામય ઉપસ્થિતીમાં સુપ્રસિધ્ધ કથાકારશ્રી મોરારીબાપુના હસ્તે 'મદદ' શ્રી ઈશ્વરીયા પ્રાથમિક શાળાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રિય મંત્રીશ્રી પરષોત્તમભાઈ રૂપાલા, મથુરાના સાંસદશ્રી હેમા માલિની, શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી સહિતના રાજકીય તેમજ સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અમરેલી જિલ્લાના કુપોષિત બાળકોને સુપોષિત કરવા માટેની ઝુંબેશનો આજથી કેન્દ્રીય મંત્રીશ્રી રૂપાલાએ પૃષ્ટીમાર્ગના પ્રણેતા શ્રીવલ્લભાચાર્યના પ્રાગટ્યોત્સવ નિમિત્તે શુભારંભ કરાવ્યો હતો.

પ્રાથમિક શાળાના લોકાર્પણ બાદ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા અન્ય મહાનુભાવોએ શાળા પરિસરની મુલાકાત લીધી હતી તથા ગામના પ્રસિધ્ધ ઈશ્વરીયા મહાદેવ મંદિરના દર્શન કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર શિક્ષણ, સ્વાસ્થ્ય અને સુરક્ષા ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ગાયકવાડ વખતની શાળાનું નવીનીકરણ કર્યા બાદ લોકાર્પણ કરતાં ગૌરવની લાગણી અનુભવતા મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં વિકાસની રાજનીતિ કરવાની અનોખી પ્રણાલી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ભેંટ છે.

મુખ્યમંત્રીશ્રીએ આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી અને સહિયારા પ્રયાસથી રાજ્યમાં ગામના વિકાસ માટે ગામનો સ્થાપના દિવસ, શાળાનો સ્થાપના દિવસ, ખેત તલાવડી, તળાવ, જળસંચય વગેરે જેવા કાર્યો ગ્રામ્ય કક્ષાએ વિકાસ ઉત્સવ થકી ઉજવણી થાય તેવી આશા વ્યક્ત કરી હતી. આઝાદી કા અમૃત મહોત્સવ પ્રસંગે પ્રાકૃતિક ખેતી તરફ વળીને રાસાયણિક ખાતર અને દવાઓનો ઉપયોગ ટાળવા અપીલ કરી હતી.

ઈશ્વરીયા પ્રાથમિક શાળાનું લોકાર્પણ કરતાં પ્રસિદ્ધ કથાકાર મોરારી બાપુએ જણાવ્યું હતું કે, સરસ્વતી માણસને દોષ મુક્ત કરે છે તે લુપ્ત નથી પરંતુ ગુપ્ત હોય છે. શિક્ષણ શિક્ષા ન રહે પરંતુ વિદ્યાનું રૂપ બને. મોરારી બાપુએ ઈશ્વરીયા ગામ સહિત સમગ્ર ગુજરાતમાં આદર્શ ગામ તરીકે પ્રસ્થાપિત કરવા માટે દરેક ગામમાં પાઠશાળા, ગૌ શાળા, વ્યાયામ શાળા, ધર્મ શાળા, ભોજન શાળા, આરોગ્ય શાળા અને પ્રયોગ શાળા હોવા પર ભાર મુક્યો હતો.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અંગે મોરારી બાપુએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યને મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી જ નહીં પરંતુ "ભદ્રપુરુષ" મુખ્યમંત્રી મળ્યા છે જે જમીન સાથે જોડાયેલ છે.

મોરારી બાપુએ ઈશ્વરીયા પ્રાથમિક શાળાના પુનઃનિર્માણના સહયોગી દાતાઓને બિરદાવ્યા હતા. મોરારી બાપુ સરદાર વલ્લભભાઈ પટેલના સાન્નિધ્યમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડીયા કોલોની ખાતે રામકથા કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો મનોરથ વ્યક્ત કર્યો હતો.

# દિકરી ભાગી જાય તો લગ્નની નોંધણીમાં માતા-પિતાની સહી ફરજિયાત બનાવવા ઉગ્ર માગ

### પ્રેમ લગ્ન કરતી દિકરીઓ સામે કાયદા માટે ૮૪ કડવા પાટીદાર સમાજ મેદાનમાં : સમાજે વર્ષો પહેલા પ્રેમ લગ્ન સંબંધિત ઝુંબેશ શરૂ કરી હતી જેને હવે ફરી આરંભી

મહેસાણા,તા.૨૬

પ્રેમ લગ્ન કરતી દીકરીઓ અંગે કાયદો બનવવા માટે મહેસાણો ૮૪ કડવા પાટીદાર સમાજ મેદાને આવ્યો છે. મીડિયા રિપોર્ટ અનુસાર કારોબારી બેઠકમાં ૮૪ કડવા પાટીદાર સમાજ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. જે અનુસાર પ્રેમ લગ્ન કરતી દીકરીઓ અંગે કાયદો બનાવવા સરકારને રજૂઆત કરવામાં આવશે. જે પ્રમાણે દીકરી ભાગી જાય તેવા સંજોગોમાં લગ્નની નોંધણી પ્રક્રિયામાં માતા-પિતાની સહી ફરજિયાત બનાવવા સરકારને રજૂઆત કરાશે.

ઉલ્લેખનીય છે કે, મહેસાણા જિલ્લામાં ૮૪ કડવા પાટીદાર સમાજ બહુ મોટો છે. પ્રાપ્ત અહેવાલો અનુસાર સમાજે વર્ષો પહેલા પ્રેમલગ્ન સંબંધિત ઝુંબેશ શરૂ કરી હતી. જેને હવે ફરી આરંભી છે. પાટીદાર સમાજ દ્વારા આ પ્રકારે વ્હાલસોયી દીકરીઓનું જીવન બચાવવા નિર્ણયો કરવામાં આવ્યા છે. બેટી બચાવો અને બેટી પઢાવોની સરકારની ઝુંબેશને આ પ્રકારના નિર્ણયોના અમલીકરણથી તાકાત મળશે એવી આશા સાથે મહેસાણા જિલ્લા ૮૪ કડવા પાટીદાર સમાજે ઝુંબેશ શરૂ કરી છે.

આ અંગે ૮૪ કડવા પાટીદાર સમાજના પ્રમુખના જણાવ્યા અનુસાર દરેક સમાજમાં દીકરીઓ ભાગીને લગ્ન કરવાની ઘટનાઓ બને છે, તે ચિંતાજનક છે. આ મુદ્દે આગામી સમયમાં અન્ય સમાજોને પણ સાથે રાખી સંમેલન બોલાવીશું અને ભાગીને લગ્ન કરતી દીકરીની લગ્ન નોંધણીમાં માતા-પિતાની સહી ફરજિયાત કરવી અને તેને નકારવામાં આવે તો આવી દીકરીનો હિસ્સો માતા-પિતાની મિલકતમાંથી આપોઆપ નીકળી જાય તેવો કાયદો બનાવવા સરકારમાં રજૂઆત કરવામાં આવશે.

નોંધનીય છે કે અગાઉ એસપીજી પણ માતા-પિતાની સહી ફરજિયાત કરવા માગ કરી ચૂક્યું છે. ફરીથી ઝુંબેશ શરૂ કરાતા એસપીજીના પ્રમુખ લાલજી પટેલે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું કે, દરેક મા બાપની સૌથી મોટી મુશ્કેલી એ છે કે, દીકરીને બધી સગવડ સાથે ભણાવવા-ગણાવવામાં આવે છે. પરંતુ જ્યારે લગ્નનો નિર્ણય કરવામાં આવે ત્યારે કેટલાક લેભાગું દીકરીઓને ફસાવી કોર્ટ મેરેજ કરી લે છે. ત્યારબાદ દીકરીને કોર્ટ અથવા પોલીસ સ્ટેશનમાં જ્યારે રજૂ કરવામાં આવે છે ત્યારે તેઓ મા-બાપની સામે ઉભા રહીને બોલે છે કે હું તેમને નથી ઓળખતી. આવી મુશ્કેલી દરેક સમાજની અંદર દિવસેને દિવસે વધી રહી છે.

લાલજી પટેલે વધુમાં જણાવ્યું કે, આ માત્ર કડવા પટેલ નહીં પરંતુ સમગ્ર સમાજની ચિંતા છે.

અમે દરેક સમાજને સાથે રાખીને છેલ્લા ૨-૩ વર્ષથી અભિયાન ચલાવી રહ્યા છે કે, માતા-પિતાની સહી વગર દીકરીના લગ્ન કાયદેસર માનવામાં ન આવે. તેમજ બંધારણની અંદર સુધારો કરવા અંગે સરકારને રજૂઆત કરવામાં આવે છે. ૮૪ કડવા પટેલ સમાજની અંદર જે ચર્ચા કરવામાં આવી તેની સાથે અમે સહમત છીએ.

# તલાલા માર્કેટિંગ યાર્ડમાં પ્રથમ દિવસે ૧૦ કિલોના ૩૭૪૦ બોક્સની આવક

### કેસર કેરીની સિઝનનો માર્કેટિંગ યાર્ડમાં પ્રારંભ : પ્રથમ દિવસે વેચાણ માટે આવેલી કેરીના બોક્સ પૈકી સૌથી સારી ક્વોલિટીની કેરીના બોક્સનું રૂ.૧૪૫૦માં વેચાણ થયું



તાલાલ,તા.૨૬

તાલાલા પંથકનું સુપ્રસિદ્ધ અમૃતફળ કેસર કેરીની સીઝનનો માર્કેટીંગ યાર્ડમાં શુભારંભ થયો છે, પ્રથમ દિવસે દશ કિ.ગ્રા.ના ૩૭૪૦ બોક્સની આવક થઈ હતી.

તાલાલા માર્કેટીંગ યાર્ડમાં પ્રથમ દિવસે વેંચાણ માટે આવેલ કેરીના બોક્સ પૈકી સૌથી સારી ક્વોલિટીની કેરીના બોક્સનું રૂ.૧૪૫૦માં વેંચાણ થયું હતું, નબળી કેરી રૂ.૭૭૦ સાથે સરેરાશ એક બોકસનો ભાવ રૂ.૯૦૦ રહ્યો હતો, ગત વર્ષે યાર્ડમાં પ્રથમ દિવસે ૫૬૦૦ બોકસ આવ્યા હતા,સારી કેરી એક બોકસનુ ૭૫૦માં વેંચાણ થયું હતું, જ્યારે નબળી કેરી રૂ.૩૦૦ સાથે સરેરાશ ભાવ ૪૫૦ રહ્યા હતા, જેની સામે આ વર્ષે કેરીના ભાવમાં જબરા ઉછાળા સાથે વિક્રમજનક ભાવમાં વેંચાણ થતાં કેસર કેરીના ઉત્પાદક કિસાનોએ સંતોષ વ્યક્ત કર્યો હતો. તાલાલા પંથકમાં વિપરીત વાતાવરણે કેરીના પાકને અકલ્પનીય નુક્સાન કર્યું હોય,આ વર્ષે કેસર કેરીનો પાક જુજ પ્રમાણમાં હોય,કેસર કેરીના ભાવમાં આવેલ જબરો ઉછાળો જળવાઈ રહેવાનું જાણકારો જણાવે છે.

તાલાલા માર્કેટીંગ યાર્ડમાં ગત વર્ષે તા.૫મી મે થી કેરીની હરરાજી શરૂ થઈ હતી અને ૩૫ દિવસ સિઝન ચાલી હતી,આ દરમ્યાન દશ કિ.ગ્રા.ના ૫ લાખ ૮૫ હજાર બોક્સની આવક થઈ હતી, તાલાલા માર્કેટીંગ યાર્ડમાં કેસર કેરીની સીઝનનો શુભારંભ થતાની સાથેજ શહેરમાં ઠેરઠેર કેસર કેરીના જથ્થાબંધ વેપારીઓ, કમીશન એજન્ટોએ કેરીનું કામકાજ શરૂ કરતાં માર્કેટિંગ યાર્ડ ઉપરાંત તાલાલા શહેર ધમધમતા થઈ ગયા છે,તાલાલા માર્કેટીંગ યાર્ડમાં પ્રથમ દિવસે કેરીના ઉંચા ભાવો મળતાં ખેડૂતોમાં ખુશી જોવા મળે છે.

તાલાલા માર્કેટીંગ યાર્ડમાં કેસર કેરીની સીઝનના શુભારંભ પ્રસંગે અલગ અલગ ચાર વેપારી ભાઈઓ પ્રથમ બોક્સ ગૌમાતાના લાભાર્થે વેંચાણ કર્યું હતું. જે પૈકી ભોલેબાબામાં પ્રથમ બોક્સ રૂ.૧૬ હજાર, ભાગ્યોદય માં રૂ.૧૧ હજાર,કિશન મેંગો માં રૂ.૯૦૦૦ અને રામદુતમાં રૂ.૫૫૫૫માં વેંચાણ થયું હતું,આ ચારેય બોક્સની આવેલ રકમ ગૌ માતાને અર્પણ કરવામાં આવી હતી.

# રશિયા યુક્રેન વચ્ચેના યુદ્ધના કારણે ભારતમાંથી ઘઉંની નિકાસ વધી

### રશિયા-યુક્રેન યુદ્ધથી ભારતના ઝોળીમાં ઘઉંનો વેપાર : ચાલુ વર્ષના પ્રથમ ત્રણ સપ્તાહમાંજ ૦.૭૫ મિલિયન મેટ્રીક ટન જેટલો જંગી ઘઉંનો જથ્થો અત્યાર સુધીમાં હેન્ડલિંગ થઈ ચુક્યો છે

કચ્છ,તા.૨૬

રશિયા યુક્રેન વચ્ચેના યુદ્ધના કારણે ભારતમાંથી ઘઉંની નિકાસ વધી છે. એક વર્ષમાં દિનદયાળ પોર્ટ પરથી ઘઉંની નિકાસ થાય છે, તેટલી નિકાસ ચાલુ નાણાંકીય વર્ષના પ્રથમ ત્રણ મહિનામાં થાય તેવો અંદાજ છે. યુક્રેન અને રશિયા વચ્ચેના યુદ્ધને કારણે વિદેશમાં ઘઉંની માંગ વધી છે. જેથી કંડલા સ્થિત દિનદયાળ પોર્ટ પરથી રોજના ત્રણથી વધુ શિપ ઘઉં વિદેશમાં નિકાસ થઈ રહ્યા છે. દિનદયાલ પોર્ટ અને નજીકના ગોડાઉનમાં ઘઉંના ઢગલા ખડકાયા છે, તો દેશના વિવિધ રાજ્યોમાં ઘઉં ભરીને આવતા ટ્રક અને ટ્રેલરો પણ કતારબંધ જોવા મળે છે. આ અંગે ઘઉંની વધી રહેલી નિકાસ અંગે પોર્ટ પર હેન્ડલીંગની કામગીરી કરતી કંપનીના સંચાલક પરમતપભાઈ વૈધએ વર્તમાન યુદ્ધની સ્થિતિને કારણે નિકાસ વધી છે તેમ જણાવ્યું. દિનદયાલ પોર્ટ પરથી ઘઉંની એક્સપોર્ટની કામગીરી મોટા પ્રમાણમાં થઈ રહી છે. દર વર્ષની સરખામણીએ આ વર્ષે મોટા પ્રમાણમાં ઘઉં વિદેશમાં મોકલવામાં આવી રહ્યા છે. દીનદયાળ પોર્ટ ઓથોરિટી, કંડલા દ્વારા ગત વર્ષમાં કુલ ૩.૫ એમએમટી ઘઉં હેન્ડલિંગ કરાયા હતા. જયારે ચાલુ વર્ષના પ્રથમ ત્રણ સપ્તાહમાંજ ૦.૭૫ મિલિયન મેટ્રીક ટન જેટલો જંગી ઘઉંનો જથ્થો અત્યાર સુધીમાં હેન્ડલિંગ થઈ ચુક્યો છે. જે પ્રમાણે ઘઉંની નિકાસ થઈ રહી છે અને આંતરરાષ્ટ્રીય બજારમાં તેની માંગ છે, તેને જોતા ચાલુ નાણાકીય વર્ષમાં એકલા માત્ર કંડલાથી જ ૧૦ એમએમટી ઘઉં એક્સપોર્ટ થઈ શકે તેવી સંપુર્ણ સંભાવના છે. રશિયા અને યુક્રેન બંને દેશો વિશ્વના ઘણા દેશોને ઘઉં નિકાસ કરતા હતા. તે બંને યુદ્ધની સ્થિતિમાં મુકાતા એક્સપોર્ટ કરી શકે તેમ નથી, જેથી અન્ય દેશોમાં ઉભી થયેલી માંગને ભારત પૂરુ કરી રહ્યું છે.



ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આગામી સપ્તાહમાં "યોગ શિબિર"નું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ યોગ શિબિરના આયોજન માટે તાજેતરમાં એક બેઠક યોજાઇ હતી જેમાં યોગ બોર્ડના ચેરમેન શીશપાલજીએ ટીમ લીડર્સ તથા ટીમ મેમ્બર્સને માર્ગદર્શન પુરુ પાડ્યું હતું તેવું યોગ બોર્ડના ગાંધીનગર મહાનગરના કોઓર્ડિનેટર ભાવનાબેન જોશીએ જણાવ્યું હતું.

# ગરમી પડતાની સાથે સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં પાણીની અછત શરૂ

### રહેવાસીઓ બોલ્યા અમારે આત્મહત્યા કરવાની સ્થિતિ : ગામમાં છેલ્લા ૧૪ વર્ષથી સ્વજલધારા યોજનાની પાઈપલાઈન ૫૦૦ મીટર એરિયામાં બનાવવાની બાકી છે

અમદાવાદ,તા.૨૬

કાળઝાળ ગરમી પડતાની સાથે જ સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં પાણીનો પોકાર શરૂ થઈ જાય છે. ગીર સોમનાથ જિલ્લાના તાલાલા તાલુકાના જેપુર સમસ્યા સાથે સિંચાઈ અને પશુપાલન માટે પણ પાણીના ફાંફાં છે. હાલ ગામની મહિલાઓ ગામ બહાર બનેલા એક ખાનગી કૂવામાંથી પાણી લાવે છે. અધિકારીઓ અને તંત્રને રજૂઆત પાણી માટે લોકો વલખા મારતા જોવા મળે છે. ગામના નળમાં પાણી ન હોય ગ્રામ પંચાયત દ્વારા ખૂબ જ સીમિત પાણીનું વિતરણ કરી શકાય છે. જેમ-જેમ ઉનાળો આગળ વધશે તેમ તેમ જેપુર ગામની અંદર



ગામમાં પણ હાલ પાણીની પારાયણ જોવા મળી રહી છે. ગામમાં છેલ્લા ૧૪ વર્ષથી સ્વજલધારા યોજનાની પાઈપલાઈન ૫૦૦ મીટર એરિયામાં બનાવવાની બાકી છે. જેના કારણે ગામમાં પાણીની સમસ્યા છે.

ગામમાં પીવાના પાણીની કર્યા બાદ પણ કોઈ નિરાકરણ આવતું નથી.

ગીર સોમનાથ જિલ્લાના તાલાળા તાલુકાના જેપુર ગામે છેલ્લા ૧૪ વર્ષથી સ્વજલધારા યોજનાની પાઈપ લાઈન ૫૦૦ મીટર જેટલા એરિયામાં બનવાની બાકી છે. જેને કારણે એક દાયકાથી વધારે સમયથી ઉનાળામાં પીવાના પાણીનો પોકાર વધશે.

વાડી વિસ્તારની અંદર ખાનગી કૂવામાંથી અમુક વખત મહિલાઓને દયા ખાઈને પાણી આપવામાં આવે છે, તો કેટલીક વાર પાણી ન મળવાને કારણે બે થી ત્રણ કિલોમીટર દૂર ગયેલ મહિલાઓ બળબળતા તાપે ખાલી બેડા લઈ અને ઘરે પરત ફરે છે.

# અદાણી વિલ્મરનું બજાર મુલ્ય એક લાખ કરોડને પાર પહોંચ્યું

### ઈન્ડોનેશિયાએ ઓઈલ નિકાસ પર પ્રતિબંધ દૂર કરતા બજારમાં તેજી એડબલ્યુએલરૂ. ૧.૦૪ લાખ કરોડના માર્કેટ-કેપ સાથે ભારતની ૫૦મી સૌથી મોટી કંપનીનું બિરૂદ મેળવ્યું

મુંબઈ,તા.૨૬

ઈન્ડોનેશિયાએ તેલના નિકાસ પર લાદેલ પ્રતિબંધો હળવા કરીને ક્રૂડ પામ ઓઈલ અને આરબીડીપામ ઓઈલને નિકાસ પ્રતિબંધોમાંથી દૂર કરતા ભારતના ઓઈલ આયાતકાર કંપનીઓના શેરમાં મંગળવારના સેશનમાં શાનદાર તેજી જોવા મળી રહી છે. અદાણી અને વિલ્મરના સંયુકત સાહસ અદાણી વિલ્મરના શેરમાં આજના સત્રમાં પણ ૫%ની ઉપલી સર્કિટ લાગી છે. આ સાથે અદાણી વિલ્મરનું બજાર મૂલ્ય ૧ લાખ કરોડને પાર નીકળ્યું છે.

ગૌતમ અદાણીના નેજા હેઠળની ખાદ્યતેલ કંપનીનો શેર બીએસઈ પર ૫ ટકાના વધારા સાથે રૂ. ૮૦૨.૮૦ની નવી ઊંચી સપાટીએ પહોંચતા અદાણી વિલ્મર (એડબલ્યુએલ) રૂ. ૧ ટ્રિલિયનની માર્કેટ કેપિટલાઈઝેશન (એમ-કેપ) ધરાવતી કંપનીઓના એલાઈટ ગ્રુપમાં શામેલ થઈ છે. એડબલ્યુએલરૂ. ૧.૦૪ લાખ કરોડના માર્કેટ-કેપ સાથે ભારતની ૫૦મી સૌથી મોટી કંપનીનું બિરૂદ મેળવ્યું છે.

અદાણી વિલ્મરનો સ્ટોક તેના ઈશ્યુ પ્રાઈસ રૂ. ૨૩૦ પ્રતિ શેરથી ૨૪૯ ટકા વધ્યો છે. કંપનીએ આઈપીઓદ્વારા રૂ. ૩૬૦૦ કરોડ એકત્ર કર્યા હતા અને ૮ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ શેરબજારમાં ડેબ્યૂ કર્યું હતું. છેલ્લા એક મહિનામાં શેરમાં જીૐ મ્જીઈ સેન્સેક્સમાં ૦.૨૫ ટકાના ઘટાડા સામે અદાણી વિલ્મરમાં ૯૨ ટકાનો જંગી ઉછાળો નોંધાયો છે.અદાણી વિલ્મર રૂ. ૧ ટ્રિલિયન માર્કેટ-કેપને વટાવનાર અદાણી ગ્રુપ સાતમી કંપની બની છે.

## રિનોવેશન કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મોટી થતી જાય છે. આ સ્થિતિના લીધે કર્મચારીઓ કે અધિકારીઓને રહેણાંકની સુવિધા આપવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. બીજીતરફ પાટનગર યોજના વિભાગ દ્વારા અગાઉ આ મામલે સર્વે હાથ ધરવામાં આવ્યો હતો જેના અંતે સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષના આવાસો પૈકી જે રીનોવેશન હેઠળ આવરી શકાય હોય તેવા કિસ્સામાં તંત્ર દ્વારા વિભાગ પાસે આવાસોના મજબુતીકરણ અન્વયે મંજુરી માંગવામાં આવી હતી જેથી રહેણાંકને લાયક મકાનોના રીનોવેશનના અંતે આવાસની ઘટનો પ્રશ્ન થોડો હલ થઈ શકે. જયારે મજબુતીકરણ હેઠળ આવાસો આવરી લેવાના મામલે વિભાગ કક્ષાએથી પણ હકારાત્મક અભિગમ અપનાવાયો છે. જેથી તંત્ર દ્વારા સેકટરોમાં સ્થિત વિવિધ આવાસોના મજબુતીકરણને અનુલક્ષી વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. જે અન્વયે સેકટરોમાં સ્થિત ગ-૧, ઘ, ચ, છ અને જ કક્ષાના ૪૦૦ જેટલા આવાસોનુ સમારકામ કરવા માટે રૂપિયા ૧૭ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો હતો. જયારે આ કામગીરી સંદર્ભે ટેન્ડર પ્રક્રીયા પણ પુર્ણ કરી દેવાતા ટુંકમાં ટેન્ડર મંજુરીના અંતે કામ હાથ ધરાશે. આ ઉપરાંત તંત્ર દ્વારા સેકટરોમાં સ્થિત અન્ય ૩૦૦ જેટલા આવાસોના મજબુતીકરણ માટે અન્ય એક દરખાસ્ત તૈયાર કરીને વિભાગને મોકલી આપી છે. જે અન્વયે સેકટર -૯, સે-૨૦, સે-૨૧, સે-૨૨ તેમજ સે-૩૦ માં ૪૦ જેટલા આવાસોનુ સમારકામ હાથ ધરવામાં આવશે. જયારે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૪ કરોડનો ખર્ચ કરાશે. શહેરમાં એકબાજુ નવા આવાસો બાંધવામાં આવી રહ્યા છે. ત્યારે આવાસોની ઘટને અનુલક્ષી રીનોવેશનનુ પણ આયોજન કરાયુ છે ચાર દાયકાથી વધુ જુના મકાનો પૈકી મોટાભાગના ખંડેર બનવા તરફ હોવાથી માર્ગ મકાન વિભાગ માટે આવાસોની ફાળવણીનુ કામ પણ મુશ્કેલ બન્યુ છે.

## આકરી ગરમીથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આકરી ગરમીના લીધે બપોરનો સમયે ચામડીને દાહ આપતા તાપથી બચવા માટે શહેરીજનો ટોપી , રૂમાલ અને ચશ્માામાં સજ્જ જોવા મળે છે. જયારે શહેરના જનજીવનમાં પણ ગરમીની અસરથી પાંખી અવરજવર જોવા મળી રહી છે. બપોરના રીસેષ સમયમાં પણ સરકારી કચેરીઓમાં પણ સન્નાટો છવાઈ જાય છે. આગામી દિવસોમાં હજુ ગરમી વધુ વિકરાળ બને તેવી સંભાવના છે.

## ગાંઠ દૂર કરાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તારીખ ૨૫-૪-૨૦૨૨ના રોજ ઈએનટી ઓ.ટી.માં ડૉ. યોગેશ ગજ્જર પ્રાધ્યાપક તથા વડા ઈએનટી વિભાગ અને તેમના રેસીડન્સની ટીમ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવેલ છે. અત્યારે દર્દી એકદમ સ્વસ્થ છે. આવી જટીલ સર્જરીમાં એનેસ્થેસીયા ડીપાર્ટમેન્ટનો પણ મોટો રોલ હોય છે. ડૉ. શોભના ગુપ્તા ડીન તથા એનેસ્થેશીયા ડીપાર્ટમેન્ટના હેડના માર્ગદર્શન ડૉ. હીનાબેન ગેદાણી, ડૉ. દક્ષાબેન (મદદનીશ પ્રાધ્યાપક) અને ટીમ દ્વારા સર્જરી દરમ્યાન એનેસ્થેશીયા આપવામાં આવેલ હતુ. જેમાં નાની નાની બાબતોનું ખૂબ ધ્યાન રાખવામાં આવ્યુ હતુ જેવું કે હૃદયના ધબકારા, બી.પી. સહિતની બાબતોનો સમાવેશ થાય છે.

## અદ્ધરતાલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જગ્યાને વિકસાવવા માટે કોઈ આયોજન કરી શકાયુ નથી આ એડવેન્ચર પાર્ક વિકસાવવા માટે અંદાજિત રૂ ૭૦ લાખનો ખર્ચ થાય તેમ છે. પરંતુ વનવિભાગ કક્ષાએથી ખર્ચની જોગવાઈ ન થતા લાંબા સમયના અંતે પણ યોજના આગળ વધી શકી નથી.

## નવા માલિક

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખરાબ ટીકાકારો પણ ટ્વિટર પર રહે, કારણ કે ફ્રી સ્પીચનો આ જ તો અર્થ થાય છે." મસ્કનું આ ટ્વિટ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યું છે. પ્રાપ્ત અહેવાલ મુજબ રોકાણકારોને ટ્વિટરના પ્રતિ શેર ઈ૫૪.૨૦ મળશે જે તેના ૧ એપ્રિલના કામકાજના દિવસના બંધ ભાવના ૩૮ ટકા જેટલી વધુ કિંમત છે. મહત્વનું છે કે ૧ એપ્રિલના રોજ ઈલોન મસ્કે કંપનીમાં સૌથી વધુ શેર ખરીદી લીધા હોવાનું જાહેર કર્યું હતું. જે બાદ કંપનીના શેરના ભાવમાં જોરદાર તેજી આવી હતી. ટ્વિટરે શેરધારકોને ટ્રાન્ઝેક્શનની ભલામણ કરવા બોર્ડ મીટિંગ બાદ સોમવારે મોડી રાત્રે ઈ૪૪ બિલિયનના સોદાની જાહેરાત કરી હતી. ઈલોન મસ્કે ગયા અઠવાડિયે માઈક્રોબ્લોગિંગ સાઈટ ટ્વિટરને ઈ૪૪ બિલિયનમાં ખરીદવાની ઓફર કરી હતી. મસ્કએ કહ્યું કે તે ટ્વિટર ખરીદવા માંગે છે કારણ કે તેને નથી લાગતું કે તે મુક્ત અભિવ્યક્તિના પ્લેટફોર્મ તરીકે તેની સંભવિતતા અનુસાર આગળ વધી રહ્યું છે. ટ્વીટર ખરીદવાની ઓફર કરી ત્યારથી જ મસ્ક કંપની પર આ ડીલ માટે દબાણ કરી રહ્યા હતા. વોલ સ્ટ્રીટ જર્નલના સમાચાર અનુસાર, ડીલને લઈને મસ્ક અને ટ્વિટર વચ્ચે બેઠક થઈ હતી. ત્યારથી નક્કી કરવામાં આવ્યું હતું કે ટ્વિટરે મસ્કની ઓફર સ્વીકારવાનું મન બનાવી લીધું છે.

ઈલોન મસ્કે પોતાના સ્ટેટમેન્ટમાં કહ્યું હતું કે 'લોકશાહી સુદ્રઢ રીતે ચાલે તે માટે ફ્રી સ્પીચ એટલે કે વાણી સ્વાતંત્ર્યનું મહત્વ ખૂબ જ છે, અને ટ્વિટર તે ડિજિટલ ટાઉન સ્ક્વેર છે જ્યાં માનવતાના ભવિષ્યની મહત્વની વાતો પર ચર્ચા થાય છે.'

## બ્રિટનમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

નોંધાયા છે. ખાસ વાત એ છે કે આ તમામ કેસ બાળકોના છે. આ સિવાય અમેરિકા, ઈઝરાયેલ, ડેનમાર્ક, આયર્લેન્ડ, નેધરલેન્ડ અને સ્પેનમાં પણ રહસ્યમય વાયરસથી થતા હેપેટાઈટીસના કેસ નોંધાયા છે. હેપેટાઈટીસના આ કેસો એટલા ગંભીર છે કે ઘણા બાળકોએ લીવર ટ્રાન્સપ્લાન્ટનો સામનો પણ કર્યો છે. તબીબી જગત સાથે સંકળાયેલા લોકો પણ આ મામલાઓને લઈને ચિંતિત છે કારણ કે સામાન્ય વાયરસના કારણે આવું નથી થઈ રહ્યું. વાયરસ છ, મ, ઝ, ઢ અને ઈ સામાન્ય રીતે હેપેટાઈટિસ માટે જવાબદાર હોય છે. જોકે, બાર્સેલોનામાં હિપેટોલૉજીના પ્રોફેસર અને યુરોપિયન એસોસિએશન ફોર ધ સ્ટડી ઑફ ધ લિવર પબ્લિક હેલ્થ કમિટીના વડા મારિયા બૂટી કહે છે કે જો કે હેપેટાઈટીસના આ કેસ હજુ પણ બહુ ઓછા છે. પરંતુ આ તમામ બાળકો સંબંધિત છે, તેથી આ બાબત ગંભીર છે. હેપેટાઈટીસના આ કેસો અંગે, પબ્લિક હેલ્થ સ્કોટલેન્ડના ડાયરેક્ટર જિમ મેકમિનામાને જણાવ્યું હતું કે એડીનોવાઈરસનું નવું મ્યુટન્ટ હેપેટાઈટીસને વધુ ગંભીર બનાવવા માટે જવાબદાર છે કે કેમ તે અંગે સંશોધન કરવામાં આવી રહ્યું છે.

## એપ્રુવલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઝાયકોવડી ભારતની જ નહીં પણ વિશ્વની પહેલી ડીએનએ બેઝ્ડ કોરોના વેક્સિન છે. આ સિવાય એનો કોર્સ ત્રણ ડોઝનો છે. જ્યારે મોટાભાગના કોરોના વેક્સિન બે ડોઝવાળી છે. આને એક ખાસ પ્રકારના ડિવાઈસ દ્વારા લગાવવામાં આવશે. જાયડસ કેડિલાનો દાવો છે કે, આ મેથડથી વેક્સિન લગાવવાથી કોઈ દુઃખાવો નહીં થાય. કંપનીનો તો એવો દાવો છે કે, આનાથી વેક્સિનની સાઈડ ઈફેક્ટ પણ ઓછી છે.